અનુસુચિત જાતિ,જનજાતિ(અત્યાચાર
નિવારણ)ધારો-૧૯૮૯ના અસરકારક
અમલ માટે જિલ્લા,તાલુકા તથા શહેરી
(મ્યુ.કો.વિસ્તાર માટે)તકેદારીસમિતિ
ની રચના બાબત.

ગુજરાત સરકાર,
સમાજકલ્યાણ વિભાગ,
ઠરાવક્રમાંક:હસલ-૧૩૮૯-૫૦૧-હ,
સચિવાલય,ગાંધીનગર.
તારીખ: ૧૨-૮-૯૭

વંચાણે લીધો: સરકારી ઠરાવ સમાજકલ્યાણ વિભાગ ક્રમાંક:હસલ-૧૩૮૯-
૫૦૧-હસેલ તા:૨૫-૪-૯૦.

ઠરાવ:

અનુસુચિત જાતિ,જનજાતિ(અત્યાચાર નિવારણ)અધિનિયમ, ૧૯૮૯ તા:૩૦-૧-૯૦ થી અમલમાં આવેલ છે.આ ધારાના સેકસન-૨૧(૨),(૫) અન્વયે આ ધારાના અસરકારક અમલ માટે રાજ્યસરકારે વિવિધ કક્ષાની સમિતિઓની રચના કરવાની રહે છે.જે અન્વયે આમુખમાં જણાવેલ તા:૨૫-૪-૯૦ના ઠરાવથી જિલ્લા,તાલુકા તથાશહેરી(મ્યુ.કો.વિસ્તાર માટે) તકેદારી સમિતિની રચના કરવાનું માળખુ નિયત કરવામાં આવેલ છે.આ પૈકી શહેરી (મ્યુ.કો.વિસ્તાર માટે)તકેદારી સમિતિના માળખામાં સુધારો કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.કાળજીપુર્વકની વિચારણા બાદ શહેરી (મ્યુ.કો.વિસ્તાર માટે)તકેદારી સમિતિનું માળખું નીચે પ્રમાણે રાખવાનું આથી ઠરાવવામાં આવે છે.

| | |
|---|---|
| ૧) પોલીસ કમિશ્નરશ્રી ........ | અધ્યક્ષ |
| ૨) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી........ | સભ્ય |
| ૩) મ્યુ.કોર્પોરેશન વિસ્તારનું પ્રતિનિધિત્વ ધરાવતા અનુ.જાતિ તથા અનુ.જનજાતિના ધારાસભ્યશ્રીઓ/સંસદસભ્યશ્રીઓ. | સભ્ય |

૪) અનુ.જાતિના તમામ કોર્પોરેટરો ............ સભ્ય

૫) અનુ.જનજાતિના તમામ કોર્પોરેટરો ......... સભ્ય

✓૬) અનુ.જાતિના અગ્રગણ્ય વકીલ ............... સભ્ય

✓૭) અનુ.જનજાતિના અગ્રગણ્ય વકીલ .............. સભ્ય

૮) ચીફ મેટ્રોપોલીટન કોર્ટના સરકારી વકીલ ..... સભ્ય
અને પબ્લીક પ્રોસીક્યુટર

૯) નવા અધિનિયમ હેઠળ નીમાયેલા ખાસ ....... સભ્ય
પબ્લીક પ્રોસીક્યુટર

✓૧૦) એક મહિલા સામાજીક કાર્યકર ....... સભ્ય
(અનુ. જાતિ/અનુ. જન જાતિમાંથી)

૧૧) જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારી ......... સભ્ય સચિવ

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

રવાના કર્યું
તા. 1 3 AUG 1997
જાવક.

(સહી) પરમાર
(વિ.મ.પરમાર)
ઉપસચિવ,
સમાજકલ્યાણ વિભાગ.
ગુજરાત સરકાર

પ્રતિ,

A – માન.રાજ્યપાલશ્રીના સચિવશ્રી,રાજભવન,ગાંધીનગર.
માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર.
માન.મંત્રીશ્રીઓ/રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓ/નાયબમંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ.
સચિવાલયના સર્વે વિભાગો
સર્વે જિલ્લા કલેક્ટરશ્રીઓ જરુરી કાર્યવાહી સારું.
સર્વે જિલ્લા પોલીસ વડાઓ અને પોલીસ કમિશ્નરશ્રીઓ.
નિયામકશ્રી,સમાજકલ્યાણ ખાતું,ડૉ.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર.
સર્વે જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રીઓ
તકેદારી અધિકારીશ્રી રાજકોટ,અમદાવાદ,વડોદરા.
સમાજકલ્યાણ વિભાગની સઘળી શાખાઓ,
સીલેક્ટ ફાઈલ.
– A

ત્રિવેદી.૮.૮.